રે.દી.મુ.નં.૧/૧૭

## —: આંક—૫ તથા આંક—૧૯ લગત હુકમ :—

।૧। આ કામના વાદીએ હાલના પ્રતિવાદી વિરૂધ્ધ વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટેની આંક—૫ થી અરજી કરેલ છે જેમાં વાદીની મનાઈ અરજીની ટુંકમાં હકીકત જોતા વાદીની ખેડવાણ જમીન ખેડખાતા નં.૧૦૧૨ માં સર્વે નં.૧૬૯/૧ પૈકી ૨, હે.આરે.૧—૬૧—૮૮ તથા સર્વે નં.૧૭૧, હે.આરે.૦—૦૨—૦૨ ની કુલ મળી હે.આરે.૧—૬૩—૯૦ ની વાદીના નામે રેવન્યુ રેકર્ડમાં આવેલ છે અને આ જમીન વાદીએ વેચાણથી લીધેલ છે. આ સિવાય સર્વે નં.૧૬૯/૧/પૈકી ૧, હે.આરે.૧—૫૯—૮૫ ની ખેડવાણ જમીન ઉપરોકત સર્વે નંબરવાળી ખેડવાણ જમીનની પશ્ચિમે આવેલ છે અને આ જમીન તેઓના ભાયેભાગ પડતા વાદીના ભાગમાં આવેલ છે. રેકર્ડમાં હજી તેઓ ત્રણેય ભાઈઓના સંયુકત નામે છે. સંયુકત મિલ્કતના ભાગલા પડતા ઉપરોકત જમીન વાદીના ભાગમાં આવેલ છે અને જમીનનો કબજો ભોગવટો પણ વાદીનો સ્વતંત્ર રીતે ચાર વર્ષ ઉપરાંતથી છે. સદરહુ વાદીની ખેડવાણ જમીનમાં જવા આવવાનો તથા ગાડા—ગડીરા, હળ—સાતી, ટ્રેકટર વિગેરે લઈ જવાનો રસ્તો સમેગા મોડદર જતા રાજમાર્ગ ઉપરથી ઉતરી હરદાસ પુંજાના ખેતરના ઉતર સેઢેથી પશ્ચિમ તરફ આગળ વધી રામદે લખમણ તથા ભાયા બાવાના ઉતર સેઢેથી તથા રામદે લખમણ તથા રામશી સોમાતના દક્ષિણ સેઢા વચ્ચેથી પશ્ચિમ તરફ અગળ વધી રામશી સોમાતના પશ્ચિમ સેઢે ઉતર તરફ આગળ વધી ડોસા દેવશીના ખેતરના દક્ષિણ સેઢાથી પશ્ચિમ તરફ વળાંક લઈ ડોસા દેવશી તથા બાવા સોમાતની વચ્ચેથી આ કામના પ્રતિવાદીના ભાગની અને કબજાની ખેડવાણ જમીનના સર્વે નં.૨૦૮/પૈકી ૧ ના દક્ષિણ સેઢેથી પશ્ચિમ તરફ આવળ વધી તેની ખેડવાણ જમીનના નૈઋત્ય ખુણેથી ઉતર તરફ આગળ વધી વાદીની ખેડવાણ જમીનમાં જવાય અવાય છે અને આ રીતનો રસ્તાનો ઉપયોગ અને ઉપભોગ વાદી જયારથી આ જમીનના કબજેદાર છે ત્યારથી કરે છે. અગાઉ પણ જયા

વાદીની સંયુકત કુટુંબની મિલ્કત હતી ત્યારે પણ આ રીતના વાદી રસ્તાનો ઉપયોગ અને ઉપભોગ કરતા હતા. પ્રતિવાદીની ખેડવાણ જમીનની દક્ષિણ સેઢે તથા પશ્ચિમ સેઢેથી હાલતા–ચાલતા હતા. હાલ છેલ્લા ચાર વર્ષ પહેલાથી ભાયેભાગ ખેડવાણ જમીનમાં પડેલ હોય અને વાદીની ખેડવાણ જમીનની પુર્વ તરફના ભાગમાં સર્વે નં.૨૦૮/પૈકી ૧ ની જમીન પ્રતિવાદીના ભાગમાં આવેલ હોય, તેઓને વાદી સાથે મનદુઃખ હોય તેથી વાદીને હેરાન પરેશાન કરવા માટે સદરહું રસ્તેથી હાલવા–ચાલવામાં અવરોધ કરતા હતા. તેથી તેઓ ભાઈઓ વચ્ચે સમાધાન થયેલ તે મુજબ રસ્તામાં જેટલી જમીન કપાય છે તેટલી જમીન વાદીએ પ્રતિવાદીને તેમના પુર્વ સેઢેથી આપવાની હતી અને તે મુજબ વાદીએ તેને જમીનનો કબજો માપણી કરીને સોંપી આપેલ હોવા છતાં પ્રતિવાદી સદરહુ રસ્તેથી વાદી તથા વાદીના માણસો, મજુરો નીકળે તો તેઓને હેરાન કરે છે અને ખોટી ધમકીઓ આપે છે. ૪,૫ દિવસ પહેલા પ્રતિવાદીએ સદરહુ વાદીના રસ્તામાં ટ્રેકટર હાંકી ખેડી નાખેલ. આ અંગેની વાદીને જાણ થતા વાદીએ તેને જણાવેલ કે રસ્તો તારે ખેડવાનો નથી તો તેઓએ ધમકી આપેલ કે સદરહુ રસ્તો તો હું ખેડી નાખીશ તમોને હાલવા–ચાલવા દઈશ નહી. જયા સુધી મારા ભાગની જમીન મારા નામે નહી ચડે ત્યા સુધી હું તમોને હેરાન કરીશ, તમારે જાવું હોય ત્યા જાવ જેથી વાદીને હાલનો દાવો લાવવાની ફરજ પડેલ છે. આ રસ્તાનો હકક સગવડતા માટે વાદીએ તેમની જમીન પ્રતિવાદીને આપી પ્રતિવાદી પાસેથી લીધેલ છે અને તે અંગેનું લખાણ પણ કરેલ છે જે અસલ લખાણ તેના કબજે છે.જો આ રીતે વાદીને તેમના કાયદેસરના રસ્તે હાલવા–ચાલવા દે નહી અને રસ્તાનો ઉપયોગ કરવા આપે નહી તો વાદીની મિલ્કતની કોઈ કિંમત રહે નહી અને વાદીને તથા વાદીના કુટુંબને ભુખે મરવાનો વારો આવે. તેની સામે પ્રતિવાદીને વાદી ત્યાથી હાલે તો કોઈ નુકશાન નથી. આદોકાદમીના વખતથી વાદી ત્યાથી હાલતા–ચાલતા આવે છે અને રસ્તાનો ઉપયોગ–ઉપભોગ કરતા આવે છે. વાદીનો પ્રાયમાફેશી કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તથા ઈરરીપેરેબલ લોસ વાદીની તરફેણમાં

છે. વાદીને મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીને કોઈ નુકશાન નથી. તેમ જણાવી વાદીએ દાદ માંગેલ છે કે, આ કામના પ્રતિવાદી કે તેના વાલી, વંશ, વારસો, મજુરો, નોકરો, એજન્ટો વાદી કે વાદીના વાલી, વંશ, વારસો, મજુરો, ભાગ્યા, એજન્ટોને તેની ખેડવાણ જમીન સર્વે નં.૨૦૮/પૈકી ૧ ના દક્ષિણ સેઢેથી તથા પશ્ચિમ સેઢેથી જે રસ્તો છે ત્યાથી વાદીની ખેડવાણ જમીનમાં જતા–આવતા કે ગાડા–ગડીરા, હળ–સાતી, ટ્રેકટર વિગેરે લઈ જતા–આવતા રસ્તામાં અડચણ, અટકાયત કરે નહી કે હલન–ચલનમાં અડચણ, અટકાયત થાય તેવું કોઈ કૃત્ય કરે નહી તેવો દાવો ચાલતા સુધી વચગાળાનો મનાઈ હુકમ આપવા અરજ કરેલ છે.

।૧.૧। વાદીની આંક–૧૯ ની અરજીની હકીકત એવી છે કે, વાદીએ પ્રતિવાદી સામે કાયમી મનાઈ હુકમ તથા વિજ્ઞાપનનો દાવો કરેલ છે અને વચગાળાના મનાઈ હુકમની અરજી કરેલ છે. દાવાનું સમન્સ પ્રતિવાદીને બજેલ છે અને તેઓ હાજર પણ થઈ ગયેલ છે અને નામ.કોર્ટ કમિશ્નર મારફતે બે વખતે રોજકામ થયેલ છે, પ્રતિવાદીએ જવાબ–વાંધા આપેલ નથી. આ કામની મુદ્દત તા.૧૦/૭/૨૦૧૭ ની નકકી થયેલ છે પરંતુ હાલ ચોમાસાની સીઝન નજીક આવતી હોય, પ્રતિવાદીઓ વાંધા–જવાબ દે ત્યારબાદ મનાઈ હુકમ નકકી થઈ શકે તેમ હોય અને ન્યાયના હિતમાં તાત્કાલીક મનાઈ હુકમ આપવો જરૂરી છે. જેથી પ્રતિવાદીઓ સામે જયા સુધી બીજો હુકમ ન થાય ત્યા સુધી વાદીને વાદગ્રસ્ત રસ્તેથી હાલતા–ચાલતા આ કામના પ્રતિવાદીઓ અટકાવે નહી તેવો મનાઈ હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

।૨। વાદીના દાવા તથા મનાઈ હુકમની અરજીના સમન્સ/નોટીસની પ્રતિવાદીને કાયદેસર બજવણી કરવામાં આવતા આ કામના પ્રતિવાદી તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલ અને આંક–૨૦ થી જવાબ રજુ કરી વાદીની દાવા તથા મનાઈ અરજીની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરી ખરી હકીકતે જણાવેલ

છે કે, વાદી વર્ષોથી અંકલેશ્વર મુકામે રહે છે. તેણે સમેગા ગામે કયારેય કોઈ ખેતી કરી નથી. વાદીના ખેતરમાં જવાનો રસ્તો સમેગા ગામથી કવલકા તરફ જતા જાહેર રસ્તાથી આગળ જતા ઉતર તરફે વળાંક લેતા એક પેટા મારગ આવે છે અને તેનાથી પશ્ચિમે ભુતીયા દેવાયત કાળા તથા માલદે કાળા તથા મારખી હાજા તથા હાજા રાજા કંડોરીયાના ખેતરો આવેલ છે. તે ખેતરોથી પુર્વ તરફે ઉપરોકત રસ્તો આગળ જાય છે જેમાં સામેથી સાઈડે ડાયબેન કાના તથા લખમણ દેવાયત સોલંકી તથા ઉકા લીલા બઢેર તથા રામજી અરજણ બઢેર તથા ભીમા કાળા મારુ અને હાલના વાદીના રે.સ.નં.૧૬૯/૧/પૈકી ૨ તથા ૧૬૯/૧/પૈકી ૧ અને રે.સ.નં.૧૭૧ આવેલ છે અને તે વચ્ચેથી ઉપરોકત રસ્તો પસાર થાય છે જે રસ્તો વાદીના સર્વે નંબરને અડી જાય છે. આ રીતનો વર્ષો જુનો રસ્તો આવેલ છે અને આ અંગે પ્રતિવાદીએ નામ.કોર્ટમાં આંક–૯ થી અરજી આપી રોજકામની માંગણી કરેલ. ખરેખર વાદીએ દાવાની તારીખે તેની દાદ મુજબનો કહેવાતો રસ્તો હોય તો તેનું રોજકામ માંગવું જોઈએ જે માંગેલ નથી. તે સાબીત કરે છે કે, વાદી કહે છે તેવો કોઈ રસ્તો નથી. પ્રતિવાદીએ અરજી આપ્યા બાદ ઘણા લાંબા સમયે વાદીએ રોજકામ કરાવેલ છે. આંક–૯ થી જે રોજકામ માંગેલ તે રોજકામ માર્ક ૧૧/૨ થી આ કામે રજુ થયેલ છે જેમાં કમિશ્નરશ્રીએ પ્રતિવાદીએ જે રસ્તો બતાવેલ છે તે રસ્તાનું રોજકામ કરી વાદીના ખેતર સુધી તે રસ્તો ટચ થાય છે અને આગળ જાય છે તેવું સ્પષ્ટ રોજકામમાં આવેલ છે જે રોજકામ અંગે કોઈ વાંધા વાદીએ લીધેલ નથી. નામ.કોર્ટના કમિશ્નરશ્રીએ વાદીની હાજરીમાં સ્થળસ્થિતિનું રોજકામ કર્યુ તે બાદ તેમાં સહી કરવાની ના પાડી તે વર્તણુંક જ સ્થાપિત કરે છે કે, પ્રતિવાદીએ જે રસ્તો બતાવેલ છે તે રસ્તાનું સંપુર્ણ અસ્તીત્વ અને તે રસ્તેથી વાદી ચાલે છે તે સાબીત થાય છે. વળી આ ખેતર અલગથી લેવાયેલ છે તેથી પ્રતિવાદીના રે.સ.નં.૨૦૮ માંથી ચાલવાનો કોઈ રસ્તો હોઈ શકે નહી. વાદીએ જે રોજકામ કરાવેલ છે તે આ કામે માર્ક ૧૬/૧ થી રેકર્ડ ઉપર છે તે રોજકામ જોતા સ્પષ્ટ રીતે રસ્તો હોય તેવું સ્થાપિત કરવા રાતોરાત ચીલા કરેલ છે. રોજકામ જોતા

માત્ર દક્ષિણ શેઢાથી બે ચીલા બાર ફુટ અંદરના ભાગે આવેલ છે. વાદીએ તેની દાવા અરજીમાં જે દાદ માંગેલ છે તે મુજબ પ્રતિવાદીને ખેડવાણ જમીનના દક્ષિણ સેઢે પુર્વથી પશ્ચિમ તરફે આવળ વધી ઉતર તરફ મરડાઈ અને રસ્તો છે તેવી દાદ માંગેલ છે. રોજકામ અને આ દાદ જોતા સ્પષ્ટ રીતે વાદી ખોટા છે તે સાબીત થાય છે. હકીકત રસ્તો હોય તો પણ ૧૨ ફુટ જમીનનો બગાડ કરી અંદરના ભાગે કયારેય રસ્તો હોઈ શકે નહી અને હકીકતે તેવો રસ્તો હોય તો તેવી દાદ વાદીએ માંગેલ નથી. તેમજ વાદીએ જે રોજકામ કરાવેલ છે તે માર્ક ૧૬/૧ ના રોજકામમાં વાદી કહે છે તેવા કોઈ ચીલા કે થુંબડા કે રસ્તાને લગતા વર્ષોના ઉપયોગો અંગેના ચીલા આવેલ નથી અને પશ્ચિમ તરફે પ્રતિવાદી કહે તે રીતનો ગાડા મારગ એક ચીલો વાદીના ખેતરમાં અને બીજો ચીલો હાજા રાજા તથા મારખી રાજાના ખેતરમાં બતાવેલ છે. તે જ રસ્તો માર્ક ૧૧/૨ ના રોજકામમાં પણ બતાવેલ છે તે તમામ બાબતો ધ્યાને લઈ વાદીની મનાઈ હુકમની અરજી ખર્ચ સહીત રદ્દ કરવા તથા પ્રતિવાદીને સ્પે.કોસ્ટ અપાવવા અરજ કરેલ છે.

। ૩ । વાદીએ દાવા સાથે આંક–૪ ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

માર્ક ૪/૧: ખેડખાતા નં.૧૬૫ ની ગામ નમુના નં.૮–અ ની નકલ.
માર્ક ૪/૨: સ.નં.૧૬૯/૧/પી ૧ ની ગામ નમુના નં.૭–૧૨ ની નકલ.
માર્ક ૪/૩: સ.નં.૨૦૮/પી૧ ની ગામ નમુના નં.૭–૧૨ ની નકલ.
માર્ક ૪/૪: ખેડખાતા નં.૧૦૧૨ ની ગામ નમુના નં.૮–અ ની નકલ.
માર્ક ૪/૫: સ.નં.૧૬૯/૧/પી ૨ ની ગામ નમુના નં.૭–૧૨ ની નકલ.
માર્ક ૪/૬: સ.નં.૧૭૧ ની ગામ નમુના નં.૭–૧૨ ની નકલ.
માર્ક ૪/૭: ભાયેભાગની સમજુતીના દસ્તાવેજની નકલ.
માર્ક ૧૧/૨: પ્રતિવાદી તરફે કરાવવામાં આવેલ રોજકામ તથા રફસ્કેચ.

માર્ક ૧૬/૧: વાદી તરફે કરાવવામાં આવેલ રોજકામ.

માર્ક ૧૬/૨: રફ સ્કેચ.

ι ૩.૧ ι આ કામે પ્રતિવાદી તરફે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

ι ૪ ι આ કામે વાદી તરફે વિ.વ.શ્રી એમ.આર.શીંગાળાએ આંક–૨૨ થી રજુ કરેલ લેખિત દલીલો વંચાણે લીધી તથા પ્રતિવાદી તરફે વિ.વકીલશ્રી એ.પી.ગાથાની મૌખિક દલીલો સાંભળી.

ι ૫ ι ઉપરોકત હકીકતોએ સદર અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

—: મુ દા :—

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

(૩) શું માંગ્યા મુજબનો મનાઈ હુકમ નહી આપવાથી વાદીને નાંણાના સ્વરુપમાં ન નીવારી શકાય તેવું નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

ι ૬ ι ઉપરોકત મુદાઓનો મારો નિર્ણય કારણો સહીત નીચે મુજબ છે.

મુદા નં.૧ હકારમાં

મુદા નં.૨ હકારમાં

મુદા નં.૩ હકારમાં

મુદા નં.૪ આખરી હુકમ મુજબ.

## —: કા ર ણો :—

### મુદા નં.૧ થી ૩ :—

Ꮃ૭Ꮃ આ તમામ મુદાઓની ચર્ચા એકબીજા ઉપર આધારીત હોય, અવાર નવાર હકીકતોનું પુનરાવર્તન ટાળવા તમામ મુદાઓની ચર્ચા સાથે કરવામાં આવેલ છે.

Ꮃ૮Ꮃ આ કામે ઉપરોકત બન્ને પક્ષોની રજુઆતો, દલીલો ઘ્યાને લેતા તેમજ આ કામે વાદી તરફે રજુ થયેલા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા માર્ક ૪/૧ માર્ક ૪/૬ સુધીનું રેવન્યુ રેકર્ડ જોતા સર્વે નં.૧૬૯/૧/પૈકી ૧ તથા સર્વે નં.૨૮૦/પૈકી ૧ ની વાદી તથા પ્રતિવાદીની સંયુકત કુટુંબની મિલ્કત આવેલ હોવાનું જણાય છે તેમજ સર્વે નં.૧૬૯/૧/પૈકી ૨ વાદીની માલીકી તથા કબજા ભોગવટાની જમીન આવેલ હોવાનું જણાય છે. માર્ક ૪/૭ થી રજુ થયેલ ભાયેભાગ સમજુતી દસ્તાવેજ વંચાણે લેતા વાદી તથા પ્રતિવાદી બન્ને ભાઈઓ ઘરમેળે સમજુતીથી ભાગનો ઉલ્લેખ કરેલ છે અને પાના નં.૨ ઉપર જણાવેલ છે કે, " સદરહુ માણાવદર તાલુકાના સમેગા અમો રસ્તાનો હકક લખાવી લેનારની માલીકી કબજા ભોગવટાની સીમ જમીન સર્વે નં.૨૦૮/પી.૧ વાળી ખેતરમાં દક્ષિણ શેઢે તથા પશ્ચિમ શેઢે ૧૦ ફુટની પહોળાઈનો રસ્તાનો હકક શ્રી તમો લખાવી લેનાર વરજાંગભાઈ રણમતલભાઈ બારૈયાને આવેલ છે અને ૨૦૮/પી.૧ માં રસ્તો આવેલ છે. તે રસ્તાની માપણી કરતા જેટલી જમીન થાય છે તેના બદલામાં તમો રસ્તાનો હકક લખાવી લેનારને તેના ખેતરમાંથી સર્વે નં.૨૦૮/પી.૧ ને લાગુ તરીકે જમીન કાઢી આપવાની રહેશે. સદરહુ સમજુતીનો દસ્તાવેજ તા.૧૦/૬/૨૦૧૩ ના રોજ લખાયેલ છે અને તેમાં પ્રતિવાદીની સહી છે. જયારે પ્રતિવાદીએ પોતાના વાંધા જવાબમાં આ દસ્તાવેજમાં પોતાની સહી હોવાનો ઈન્કાર કરેલ છે. પરંતુ આ કામે આંક—૮ થી રજુ થયેલ પ્રતિવાદી તરફેનું વકીલાતપત્ર, આંક—૯ થી પ્રતિવાદી તરફે આપવામાં આવેલ કમિશ્નર મારફતે રોજકામ કરવા અંગેની અરજી તથા

માર્ક ૧૨/૨ નું રોજકામ તથા માર્ક ૧૬/૧ નું રોજકામ તથા પ્રતિવાદી તરફે આંક–૨૦ થી રજુ થયેલ લેખિત જવાબ તથા તે સાથે રજુ થયેલ પ્રતિવાદીના સોગંદનામામાં સહીઓ જોતા ભાયેભાગની સમજુતીનો દસ્તાવેજ તથા ઉપરોકત તમામ દસ્તાવેજોમાં પ્રતિવાદીની તમામ સહીઓ એકસરખી જણાય આવે છે. તેમજ જો ભાયેભાગની સમજુતીના દસ્તાવેજમાં પ્રતિવાદીની સહી ન હોય તો અને પ્રતિવાદીની ખોટી સહી કરવામાં આવેલ હોય તો પ્રતિવાદીએ વાદી વિરૂઘ્ધ પોતાની ખોટી સહી કરવા બદલ કાયદેસરની કાર્યવાહી કરેલ હોત પરંતુ પ્રતિવાદીએ આવી કોઈ જ કાર્યવાહી વાદી વિરૂઘ્ધ કરેલ ન હોય જેથી પ્રતિવાદી ભાયેભાગની સમજુતીના કરારમાં તેઓની સહી નહી હોવાનું જે જણાવે છે તે માનવાલાયક નથી. વધુમાં ભાયેભાગના લખાણમાં પ્રતિવાદીની સર્વે નં.૨૦૮/પી.૧ માં દક્ષિણ શેઢે તથા પશ્ચિમ શેઢે ૧૦ ફુટની પહોળાઈના રસ્તાનો હકક વાદીને આપેલ છે અને તેના બદલામાં વાદીએ સર્વે નં.૨૦૮/પી. ૧ ને લાગુ તરીકે જમીન કાઢી આપવાનું જણાવેલ છે. આ કામે વાદી તરફે કરાવવામાં આવેલ માર્ક ૧૬/૧ નું રોજકામ જોતા તેમાં વાદીની ખેડવાણ જમીનના પુર્વ તરફના ભાગે પ્રતિવાદીનો રસ્તા બાદ બદલામાં ૧૨ ગુંઠા જમીન આવેલ હોવાનું અને તેમાં જુવારનું વાવેતર થયેલ હોવાનું અને ૧૨ ગુંઠા જમીનની પશ્ચિમ બાજુ વાદીના ખેતરમાં કપાસનું વાવેતર થયેલ હોવાનું જણાવેલ છે. આમ, રોજકામમાં ૧૨ ગુંઠા જમીન અલગથી બતાવવામાં આવેલ છે અને તે ૧૨ ગુંઠા જમીનનું વાવેતર તથા વાદીના ખેતરનું વાવેતર અલગ અલગ છે. તે જોતા વાદીએ પ્રતિવાદીને રસ્તાના બદલામાં ૧૨ ગુંઠા જમીન સોંપેલ હોવાનું જણાય આવે છે. પ્રતિવાદી તરફે કરાવવામાં આવેલ માર્ક ૧૧/૨ નું રોજકામ જોતા તેમાં વાદીની જમીનની પશ્ચિમે રસ્તો આવેલાનું જણાવેલ છે જયારે વાદી તરફે કરાવવામાં આવેલ માર્ક ૧૬/૧ નું રોજકામ જોતા ગાડામાર્ગ મારખી રાજાભાઈ કંડોરીયા તથા હાજા રાજાભાઈ કંડોરીયાના ખેતરની પુર્વ અને વાદીના ખેતરની પશ્ચિમે બન્ને આસામીઓના ખેતરમાં એક એક ચીલો એવી રીતે આ બે ચીલા પરબત પીઠાભાઈના ખેતરની ઉતર તરફ આગળ વધે છે અને આ રસ્તાથી પુર્વ

તરફ આવેલ વાડી તથા કુવા સુધીનું પુર્વ–પશ્ચિમ લંબા આશરે આ રસ્તાથી ૭૦૦ ફુટ દુર વાદીની વાડી તથા કુવો આવેલ છે અને આ વાદીની જમીનમાં ઉપરોકત વાદી તથા કુવા સુધી જવા માટે કોઈ ગાડામાર્ગ કે ચીલા જોવામાં આવતા નથી તેવું જણાવેલ છે. વધુમાં વાદીએ માર્ક ૧૬/૧ થી રજુ કરેલ રોજકામ જોતા વાદીએ રસ્તાના બદલામાં પ્રતિવાદીને જમીન સોંપેલાનું જણાય આવે છે. આ કામે આંક–૨૩ ના લીસ્ટથી રજુ થયેલ અઘાટ વેચાણ દસ્તાવેજ વંચાણે લેતા વાદીએ સમેગા ગામની સર્વે નં.૧૬૯/૧/પૈકી ૨ ની જમીન રામાભાઈ રણમલભાઈ બારૈયા પાસેથી વેચાણ રાખેલ છે. આ વેચાણ દસ્તાવેજના પાના નં.૭, પારા નં.૯ માં જણાવેલ છે કે, "સદરહુ વેચાણ થતી ખેડવાણ જમીનમાં જવા–આવવા તથા ગાડા–ગડીરા, હળ, સાતી, ટ્રેકટર વિગેરે લઈ જવા–આવવા માટેનો રસ્તો સમેગાથી મોડદર જતા જાહેર માર્ગ ઉપર થઈ પશ્ચિમ તરફ મરડાઈ આ રસ્તો આગળ જાય છે અને તે ભીમાભાઈ રણમલભાઈ બારૈયાના સર્વે નં.૨૦૮ ના દક્ષિણ સેઢેથી પશ્ચિમ તરફ આગળ વધી પશ્ચિમ શેઢેથી ઉતર તરફ મરડાઈ આ વેચાણ થતી ખેડવાણ જમીનમાં જવા–આવવા તથા હળ–સાતી, ટ્રેકટર વિગેરે લઈ જવા–આવવાનો હકક છે. આ રસ્તો ૧૦' ફુટનો છે. આ રીતે અમો સદરહુ રસ્તાનો ઉપયોગ અને ઉપભોગ વર્ષોથી કરતા આવીએ છીએ અને હવે પછી તમો આ રસ્તાનો ઉપયોગ ઉપભોગ કરજો" તેવો આ વેચાણ દસ્તાવેજમાં સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે. આ કામે રજુ થયેલ રેવન્યુ રેકર્ડ જોતા વાદી તથા પ્રતિવાદની ખેડવાણ જમીન વડીલોપાર્જીત હોવાનું જણાય છે તેમજ પ્રતિવાદીએ તેના વાંધા જવાબમાં પણ વડીલોપાર્જીત સંયુકત કુટુંબની જમીન બાબતે ઈન્કાર કરેલ નથી તે જોતા બન્ને પક્ષકારોની જમીનનો રસ્તો એક જ હોય તે માનવાને કારણ બને છે. ત્યારે પ્રતિવાદીના ખેતરના દક્ષિણ સેઢેથી તથા પશ્ચિમ સેઢેથી વાદીનો રસ્તાનો હકક હોવાનું પ્રાથમિક રીતે ફલીત થાય છે. પ્રતિવાદી દવારા કરાવવામાં આવેલ માર્ક ૧૧/૨ મુજબનો વાદીનો કોઈ રસ્તો આવેલ હોય તેવું હાલના તબકકે પુરાવો લીધા સિવાય માની શકાય નહી અને માત્ર રોજકામ ઉપર જ સંપૂર્ણપણે આધાર રાખી શકાય નહી.

તે સંજોગોમાં આ કામે વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાનું ફલીત થાય છે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે અને વાદી દવારા માંગવામાં આવેલ કામચલાઉ મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જાય તેમ છે. જેથી મુદા નં.૧ થી ૩ નો જવાબ ઉપર મુજબ હકારમાં આપી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

૧ : વાદીની આંક–પ તથા આંક–૧૯ ની અરજીઓ આથી મંજુર કરવામાં આવે છે.

૨ : આ કામના પ્રતિવાદી કે તેના વાલી, વંશ, વારસો, મજુરો, નોકરો, એજન્ટો વાદી કે વાદીના વાલી, વંશ, વારસો, મજુરો, ભાગ્યા, એજન્ટોને તેની ખેડવાણ જમીન સર્વે નં.૨૦૮/પૈકી ૧ ના દક્ષિણ સેઢેથી તથા પશ્ચિમ સેઢેથી જે રસ્તો છે ત્યાથી વાદીની ખેડવાણ જમીનમાં જતા–આવતા કે ગાડા–ગડીરા, હળ–સાતી, ટ્રેકટર વિગેરે લઈ જતા–આવતા રસ્તામાં અડચણ, અટકાયત કરવી નહી કે હલન–ચલનમાં અડચણ, અટકાયત થાય તેવું કોઈ કૃત્ય કરવું નહી તેવો દાવો ચાલતા સુધીનો વચગાળાનો મનાઈ હુકમ વાદીના લાભમાં અને પ્રતિવાદી વિરુધ્ધ ફરમાવવામાં આવે છે.

૩ : અરજીનો ખર્ચ દાવાને પરીણામને અનુસરશે.

આજ તા. ૪થી માહે જુલાઈ સને ૨૦૧૭ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૪/૦૭/૨૦૧૭
માણાવદર

(સાહિલભાઈ રજાકભાઈ મુલતાની)
પ્રિન્સીપાલ સીવીલ જજ,
માણાવદર
GJ 01143